# પ્રસ્તાવના

1. આ અહેવાલ બંધારણની કલમ 151 હેઠળ ગુજરાતના રાજ્યપાલશ્રી સમક્ષ રજૂ કરવા માટે તેયાર કરવામા આવ્યો છે.

2. આ અહેવાલના પ્રકરણ 1માં રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના અહેવાલનો આધાર અને અભિગમ, અહેવાલનું બંધારણ, સરકારના હિસાબોની રચના, અંદાજપત્રીય પ્રક્રિયાઓ, મહેસૂલી પુરાંત/ખાધ, રાજકોષીય પુરાંત/ખાધ વગેરે જેવા ચાવીરૂપ નાણાકીય માપદંડોના વલણો સામેલ છે.

3. આ અહેવાલના પ્રકરણ 2 અને 3 માં, 31 માર્ચ 2021 અંતિત વર્ષ માટે રાજ્ય સરકારના અનુક્રમે નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબોની ચકાસણીમાંથી ઉદ્ભવતી બાબતો પરત્વેના ઑડીટ અવલોકનો સામેલ છે. આવશ્યકતા અનુસાર ગુજરાત સરકાર પાસેથી માહિતી મેળવવામાં આવી છે.

4. 'હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલોની પદ્ધતિઓ' પરનું પ્રકરણ 4, વિહંગાવલોકન અને 2020-21 દરમિયાન, વિવિધ નાણાકીય નિયમો, પધ્ધતિઓ અને નિર્દેશોના રાજ્ય સરકાર દ્વારા અનુપાલનની સ્થિતિ રજૂ કરે છે.

5. વિવિધ વિભાગોના કામગીરી ઑડીટ અને વ્યવહારોના ઑડીટ અને વૈધાનિક નિગમો, બોર્ડ અને સરકારી કંપનીઓના ઑડીટમાંથી ઉદ્ભવતા અવલોકનો અને મહેસૂલી આવક પરના અવલોકનો અંગેના અહેવાલ અલગથી રજૂ કરવામાં આવ્યા છે.

**નોંધ: મૂળ અંગ્રેજી અહેવાલ ઉપરથી અનુવાદ કરેલ હોઇ, આ અહેવાલમાં રહેલ હકીકત દોષ માટે મૂળ અંગ્રેજી અહેવાલમાં આપેલી વિગત સાચી ગણવી.**